સરડોઈની દીકરીએ કરાટેમાં કૌવત દેખાડ્યું : રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો

મોડાસા તાલુકાના સરડોઈ ગામના અને ગાંધીનગર રહેતા કમલેશસિંહ મહેન્દ્રસિંહ રહેવરની પુત્રી જહાન્વી રહેવરે કરાટેની સ્પર્ધામાં કૌવત દેખાડ્યું છે. પ્રાપ્ત જાણકારી મુજબ ગુજરાત રાજ્ય વાડાકાઈ કરાટે ચેમ્પિયનશિપ તાજેતરમાં હોટેલ માયા પેલેસ ખાતે યોજાઈ હતી.જેમાં ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલમાં ધો.૮- એફ માં અભ્યાસ કરતી જાહન્વી રહેવરે કરાટેના વિવિધ દાવપેચ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સૌને દંગ કરી વ્હાઈટથી યલો બેલ્ટની કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવી સ્કૂલ તેમજ રાજપૂત સમાજનું ગૌરવ વધારતાં આનંદ છવાયો છે.

સઢા પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર અને ચોપડાઓનું દાન કરાયું

હિંમતનગર તાલુકાના સઢા ગામના અને હાલ ધંધા અર્થે મુંબઈ ખાતે રહેતા વિજયભાઈ ગોર પરિવાર દ્વારા સઢા પ્રાથમિક શાળામાં દરવર્ષે ચોપડાઓનું દાન કરવામાં આવે છે. જે અંતર્ગત બુધવારના રોજ શાળાના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા તમામ બાળકોને કુલ ૬૦ ડઝન ચોપડાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ શાળામાં રૂપિયા ચાલીશ હજારની કિંમતના કોમ્પ્યુટર દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સઢા સરપંચ ભાવનાબા રાજેન્દ્રસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરા ખાતે રાજ્ય પેન્શનર મંડળના હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું

ધનસુરા ખાતે રાજ્ય પેન્શનર મંડળના હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું. ધનસુરા નિવૃત્ત કર્મચારી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધનસુરા ના શુળપાણેશ્વર મહાદેવ મંદિર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં અરવલ્લી જિલ્લાના હોદ્દેદારો તાલુકા પ્રમુખ મંત્રીઓ અને રાજ્યના પ્રમુખશ્રી નિર્મલસિંહ રાણા ઉપપ્રમુખ શ્રી ચતુરસિંહ ચૌહાણ અને મહામંત્રી શ્રી ચંદુભાઈ.બી.જોશી નું સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતું.રાજ્યના ત્રણેય હોદ્દેદારો એ રાજ્યની ગતિવિધિ થી દરેકને વાકેફ કર્યા હતા.આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.ધનસુરા ના નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ દ્વારા આવકાર પ્રવચન કરવામાં આવ્યું હતું.વસંતભાઈ ચૌહાણ એ આભારવિધિ કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઈ. એસ.પટેલ મહામંત્રી જિલ્લા પેન્શનર મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું સાથે રામજી મંદિર ખાતે ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી અને સૌએ રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજના આશીર્વાદ મેળવ્યા હતા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ દ્વારા રાજ્યના ત્રણેય હોદ્દેદારો નું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તાલુકાના હોદ્દેદારો દિનેશભાઈ પટેલ,આર.ડી.પટેલ,જયંતીભાઈ પટેલ,જશુભાઈ પટેલ,ધીરુભાઈ પટેલ સૌએ સહયોગ આપ્યો હતો.

પ્રાંતિજ ખાતે ભારે વરસાદની આગ્રહીને પગલે તંત્ર એલર્ટ



સાબરકાંઠા જિલ્લામા ભારે વરસાદ ની આગાહીને પગલે જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામા પણ સ્થાનિક તંત્ર સાવચેત થયુ છે અને નગરજનો સહિત તાલુકાના લોકો ને સાવચેત કરવામા આવ્યા સાબરકાંઠા જિલ્લામા તારીખ ૨૩/૭/૨૦૨૨ થી ૨૫/૭/૨૦૨૨ સુધીમા જિલ્લામા ભારે વરસાદ ની આગાહી ને પગલે પ્રાંતિજ સહિત તાલુકા મા પણ તંત્ર સાવચેત થયુ છે અને પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન.ડોડીયા , પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ , તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી , નગરપાલિકા ચીફ ઓફિસર પ્રાર્થના બેન રાઠોડ સહિત ના અધિકારીઓ ની તાત્કાલિક ઈમર્જન્સી મીટીંગ યોજાઈ હતી જેમા ભારે વરસાદ ની આગાહી ને લઈ ને નગરજનો તથા તાલુકાના લોકો તથા નદી- બોખ સહિત નીચાણ વાળા વિસ્તાર મા રહેતા લોકોને સાવચેત સહિત સલામત સ્થળે ખસેડવા તથા સાવચેત કરવામા આવ્યા હતા તો જિલ્લા તંત્ર સહિત સ્થાનિક તંત્ર પણ સજ્જ થયુ હતુ તો પ્રાંતિજ નગરપાલિકા દ્વારા રીક્ષા ફેરવી એલાઉન્સ કરી નગરજનો ને સાવચેત કર્યા હતા અને સાવચેત રહેવા જણાવ્યુ હતુ.

વરસાદ થંભ્યો, બાયડમાં ધૂળની ડમરીયો ઉડતાં નાના વાહન ચાલકો ત્રાસ્યા

જિલ્લામાં વરસાદે રાહત આપી પરંતુ બાયડના મુખ્ય માર્ગ ઉપર વાહનો પસાર થતાં ઉડતી ધૂળની ડમરીયોથી નાના વાહન ચાલકો ત્રાસદાયક સ્થિતિમાં જોવા મળ્યા. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં અનેક વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ પછી વિકાસના કામોની પોલ ખૂલી ગઈ છે અનેક ડામર રોડ તહસ નહસ થવાની સાથે હજુ નવા રોડ બને ૪ થી ૬ મહિના થયા નથી તેવા રોડ ઉપર પણ ગાબડાં પડવા લાગ્યાં છે ત્યારે આગામી દિવાળી સુધી પ્રજા માર્ગો ઉપર કેવી રીતે પ્રવાસ કરશે..?? તે કહેવું અત્યારે મુશ્કેલ છે. બાયડમાં વરસાદ થંભી ગયા પછી મુખ્ય બજાર રોડ તેમજ ગાબટ રોડ ઉપર જાણે કે ગ્રામ્ય માર્ગો હોય તે રીતે મોટું વાહન પસાર થાય એટલે રીતસરની ધૂળની ડમરીયો ઉડતી જોવા મળી. ધૂળની ઉડતી ડમરીયોથી નાના વાહન ચાલકો તો ઠીક પરંતુ રસ્તે જતા લોકો પણ વારંવાર આંખો ચોળતા જોવા મળ્યા.

મહેસૂલ વિભાગની જમીન માફીયાઓ સામે પ્રથમવાર આક્રમક નીતિ

જિલ્લામાં સરકારી જમીનમાં દબાણ હશે તો લેન્ડગ્રેબિંગ એક્ટ લાગુ થશે

સરકારી પ્લોટનું લીસ્ટ તૈયાર કરવાની સૂચના : અધિકારીઓ સામે પગલાં ભરવાની ચીમકીથી મહેસૂલ વિભાગમાં હલચલ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨

સરકારી જમીન પરના દબાણ દૂર કરવા માટે રાજ્ય સરકારના મહેસૂલી વિભાગ આક્રમક મૂડમાં જણાય છે. સરકારી જમીન પર દબાણ હશે તો હવે લેન્ડગ્રેબિંગ એક્ટ લાગુ કરવાનો પરીપત્ર જારી કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મહેસૂલ વિભાગ હવે સરકારી પ્લોટનું લીસ્ટ તૈયાર કરવાની મથામણમાં પરોવાયું છે. સરકારે દબાણ મુદે હવે અધિકારીઓની જવાબદારી નક્કી કરી છે જેથી મહેસૂલ વિભાગમાં હલચલ મચી છે.

મહેસૂલ વિભાગ દ્વારા પ્રથમ વખત સરકારી જમીન પરના દબાણ સામે આક્રમક નીતિ અપનાવીને લેન્ડગ્રેબિંગ કાયદાની જોગવાઈઓ લાગુ પાડવા માટે તમામ જિલ્લા કલેક્ટરોને સૂચના આપવામાં આવી છે. આ અંગેનો પરીપત્ર પણ પાઠવી દેવામાં આવ્યો છે. જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મહેસૂલ વિભાગ સરકારી જમીન પરના દબાણો નક્કી કરવા માટે હરકતમાં આવ્યું છે. પરિપત્રમાં તમામ જિલ્લા સર્કલ ઓફીસરોને સરકારી પ્લોટની સંખ્યાની યાદી બનાવવા, દર મહિને તેનો રિપોર્ટ કલેક્ટરને સોંપવા તેમજ સરકારી પ્લોટમાં દબાણ હોય તો તેની વિગતો સાથેનો વિગત સરકારમાં પહોંચાડવા માટે તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત મામલતદાર તેમજ મહેસૂલી અધિકારીઓને સરકારી પ્લોટની વિડીયોગ્રાફી કરી ફેન્સીંગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે. જ્યારે જિલ્લા કલેક્ટરોએ પણ નિયમિત રીતે સરકારી જમીનના ઈન્સ્પેક્શનના આદેશ કરવાના રહેશે અને કોઈ દબાણ હોય તો સર્કલ ઈન્સ્પેક્ટર અને મામલતદાર સામે ખાતાકીય પગલાં ભરવા માટે જણાવવામાં આવ્યું છે. જેથી જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, વડાલી, પોશીના, ઈડર, હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ સહિતના મહેસૂલ વિભાગમાં તંત્ર સરકારી પ્લોટમાં થયેલાં દબાણો શોધવા માટે કામે લાગ્યું છે. સરકારના પરીપત્ર બાદ જિલ્લા કલેક્ટર દ્વારા પણ આ અંગે અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માટે બેઠકોનો દોર શરુ કરી દેવામાં આવ્યો છે. દરેક જિલ્લામાં સરકારી પ્લોટનું ઝડપથી લીસ્ટ તૈયાર કરવા માટે અને તેનો રિપોર્ટ સરકારમાં રજૂ કરવા માટે જણાવવામાં આવ્યું છે. સરકારી પ્લોટમાં દબાણ હોય તો કલેક્ટર દ્વારા લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની પરીપત્રમાં સૂચના આપવામાં આવી છે. ખાસ ટાસ્કફોર્સ રચવાની પણ તૈયારી કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર દ્વારા પરીપત્રને આધિન સરકારી જમીનના દબાણ મુદ્દે નગરપાલિકા, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે ટૂંકમાં બેઠક યોજી ગેરકાયદેસર ખડકાયેલી ઈમારતોની વીજળી સહિતની સેવાઓ અટકાવવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

કલેક્ટર દ્વારા મહેસૂલ વિભાગને સૂચના અપાઈ છે – નાયબ મામલતદાર

અરવલ્લીના મહેસૂલ વિભાગના નાયબ મામલતદાર પંકજભાઈ મનાતે જણાવ્યું કે રાજ્ય સરકારના પરીપત્ર પછી જિલ્લા કલેક્ટર દ્વારા મહેસૂલ વિભાગને સરકારી પ્લોટની યાદી તૈયાર કરવા માટે સૂચના આપી છે. આ ઉપરાંત સરકારી સર્વે નંબરમાં દબાણ હોય તો તે શોધવા માટે પ્રાંત તેમજ મામલતદાર કચેરીના જવાબદાર અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. ટૂંક સમયમાં સરકારી જમીનના દબાણો દૂર કરવા માટે ખાસ ઝૂંબેશ શરુ કરવામાં આવશે.

સરકારે કરેલા આદેશના મહત્વના મુદ્દા

- મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવેલા પરીપત્રમાં સરકારી જમીન પર વ્યક્તિગત કે ઔદ્યોગિક દબાણ હોય તો લેન્ડગ્રેબિંગની જોગવાઈ હેઠળ કાર્યવાહી થશે.
- સર્કલ ઈન્સ્પેક્ટરોએ સરકારી પ્લોટની વિડીયોગ્રાફી કરી તેનું ફેન્સિંગ કરવું.
- સરકારી પ્લોટની સંખ્યા ચકાસી નિયમિત તપાસ કરવા મહેસૂલી અધિકારીઓને જવાબદારી. - સરકારી જમીન ઉપર દબાણ થાય તો સર્કલ ઈન્સ્પેક્ટર, મામલતદાર સામે ખાતાકીય પગલાં.
- સરકારી જમીનની સ્થિતિ વિશે કલેક્ટરે દર મહિને સરકારમાં રિપોર્ટ આપવો પડશે.
- ગેરકાયદેસર ઉભી કરવામાં આવેલી ઈમારતોના વિજ જોડાણથી માંડી અન્ય સેવાઓ કાપી નાખવી. - સરકારી જમીન વિશે જિલ્લા ટાસ્ક ફોર્સ દર મહિને ઈન્સ્પેકશન કરવાનું રહેશે.

ગણપત યુનિવર્સિટીના નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ ઉજવ્યો લેમ્પ-લાઈટિંગ અને પ્રતિજ્ઞાનો અવસર

ગણપત યુનિવર્સિટી, તા. ૨૨

ગણપત યુનિવર્સિટીના કુમુદ અને ભૂપેશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા તેના વિદ્યાર્થીઓ માટે લેમ્પ-લાઈટિંગ અને પ્રતિજ્ઞાનો અવસર તાજેતરમાં ઉજવાયો હતો.

નર્સિંગનો વ્યવસાય એ તેના વ્યવસાય તરીકેની વ્યાખ્યાથી ઉપર ઉઠીને એક માનવ-સેવાનું ઉમદા કાર્ય તરીકે જગતભરમાં પોંખાયું છે. એટલે આ જ્ઞાન શાખાના વિદ્યાર્થીઓ જ્યારે પોતાનો નર્સિંગનો અભ્યાસ શરૂ કરે છે ત્યારે તેની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાનો સંકલ્પ કરે છે અને નર્સિંગના વ્યવસાયની પવિત્રતાને પૂરી કારકિર્દી દરમ્યાન જાળવી રાખશે અને કોઈ પણ સંજોગોમાં એમાંથી વિચલિત નહીં થાય તેવી નૈતિક જવાબદારી સ્વીકારે છે.

આ પાવન અવસરે ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ (દાદા), નર્સિંગ ઈન્સ્ટિ.ના દાતાઓ શ્રીમતી કુમુદબેન અને ભૂપેશભાઈ પરીખ અને સંસ્થાના ટ્રસ્ટી ડૉ. શ્રીમતી ગિરિબાળાબેન પટેલ અમેરિકાથી ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા. તો વિશેષ મહેમાન ગ્લેન્ડેલ કમ્યુનિટી કોલેજના હેલ્થ સાયન્સ ડિપા.ના એસોસિએટ ડીન એમ્લિન જજ (કેલિફોર્નિયા, અમેરિકા), કેન્દ્ર સરકારના હેલ્થ અને ફેમિલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટના આસિસ્ટંટ ડિરેક્ટર જનરલ (નર્સિંગ) ડૉ. રથી બાલાચંદ્રન, મણિપાલની કસ્તુરબા હોસ્પિટલના નર્સિંગ સર્વિસીસના હેડ ડૉ. સુબા સુરિયા તેમજ ગણપત યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. આર.કે. પટેલ, પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ અને ગણપત યુનિ.ના નર્સિંગ ઈનસ્ટિટ્યૂટના વડા ડીન ડૉ. કરયાગવલી નાગેશ્વરન સહિત અનેક પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

તબીબોની હડતાલ : અરવલ્લી-સાબરકાંઠામાં ૮૦૦થી વધુ હોસ્પિટલો બંધ, કલેકટરને આવેદનપત્ર

મોડાસા,તા. ૨૨

ફાયર એન.ઓ.સી.,આઈ.સી.યુ. માટેના નિયમો સહિત સરકારના અલગ-અલગ આદેશના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસો. (ગુજરાત) દ્વારા આ એક દિવસની હડતાળ પાડી છે જેમાં અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના તબીબો જોડાયા હતા અને ૮૦૦ જેટલી ખાનગી હોસ્પિટલોમાં ઈમર્જન્સી સારવાર અને ઓપીડી સારવાર બંધ રાખી હતી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી તખઘલી નિર્ણયનો વિરોધ નોંધાવી યોગ્ય ન્યાયની માંગ કરી હતી. આ સમગ્ર મામલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ દિવ્યાંગ પટેલે જણાવ્યું હતું કે સાત દિવસની અંદર જે આઈસીયુનો સેટઅપ છે તે ગ્રાઉન્ડ પર શિફ્ટ કરવો બિલકુલ શક્ય જ નથી ખાનગી સિવાય સરકારી હોસ્પિટલોમાં પણ ગ્રાઉન્ડ ફ્લોર પર શક્ય જ નથી છતાં પણ સરકાર દ્વારા તજજ્ઞોની ટીમ બનાવે જેમાં સરકારી ડોક્ટરો અને ખાનગી ડોકટરોની ટીમ બનાવી સમિતીની રચના કરી યોગ્ય નિર્ણય લેવા મા આવે તેવી રજૂઆતો સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યો હતુ. સરકારના અન્ય આદાશોને લઈને વિરોધ દર્શાવવામાં આવ્યો હતો જેના કારણે તબીબોએ આજે એક દિવસીય હળતાલ યોજી હતી જોકે આ હળતાલ ને પગલે દર્દીઓને ઈમરજન્સી કેસમા સરકારી દવાખાને અથવા ટ્રસ્ટના દવાખાનામાં સારવાર લેવી પડી હતી.

ઈડર પોલીસ ઉપર હુમલો કરનારા વોન્ટેડ આરોપીઓ ઝડપાયા

અમીરગઢના જંગલમાંથી ઝડપ્યાનો એસ.ઓ.જી. પોલીસનો દાવો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨

ઈડર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઉપર હુમલો કરી ફરાર થઈ ગયેલા મુખ્ય આરોપી સહિત ૨ આરોપીઓને સાબરકાંઠા એસ.ઓ.જી.એ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના જંગલમાંથી ઝડપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડર પી.એસ.આઈ. ઉપર હુમલો થતાં પોલીસ બેડામાં સનસનાટી મચી ગઈ હતી. ગત તા. ૬ જુલાઈના રોજ પી.એસ.આઈ. સહિત કર્મીઓ ઉપર થયેલા હુમલામાં પોલીસ માટે હાથનાં કર્યા હૈયે વાગ્યાં જેવી સ્થિતિ સામે આવી હતી. ત્યારબાદ હુમલાખોરો સામે પોલીસે રાયોટ-લૂંટ સહિતનો ગુનો નોંધી હતી. જેમાં મુખ્ય હુમલાખોર ભગીરથસિંહ રાજેન્દ્રસિંહ સીસોદીયા અને અન્ય આરોપી અમીરાજસિંહ હરીશચંદ્રસિંહ જેતાવતા પોલીસની પકડથી દૂર હતા. સાબરકાંઠા પોલીસ વડા દ્વારા પોલીસ પર હુમલાના આરોપીઓને શોધવા માટે એસ.ઓ.જી. પી.આઈ., પી.એલ.વાઘેલાને તાકીદ કરતાં ટીમે બનાસકાંઠા જિલ્લાના જંગલ વિસ્તારમાંથી બંને આરોપીઓને દબોચી લઈ ઈડર પોલીસને હવાલે કર્યા છે.

ઉત્તર ગુજરાતની સરકારી પ્રા.શાળાઓના ૩૨ હજાર શિક્ષકોમાં અન્ય કામગીરીને લઈને વ્યાપક આક્રોશ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨

સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો વર્ષોથી અમોને હવે ભણાવવા દો. ની માંગ કરી રહ્યા છે પરંતુ આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. ત્યારે અનેક તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘો દ્વારા રાજ્ય સંઘને પત્ર લખીને શિક્ષકો અને બાળકોના શિક્ષણની વ્યથા સાંભળવા રજૂઆત કરતાં આવનારા દિવસોમાં આ મુદ્દો રાજ્યમાં હાવિ થઈ જાય તેવી સંભાવના દેખાઈ રહી છે. ઉત્તર ગુજરાતના કેટલાક પ્રા.શિક્ષક સંઘ દ્વારા થયેલી રજૂઆતમાં જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ ની શરુઆત તા.૧૩ જૂનથી થઈ છે. રાજ્યની હર હજાર સહિત ઉત્તર ગુજરાતની ૯૦૦૦થી વધુ સરકારી પ્રા.શાળાઓમાં ૨ લાખથી વધુ પ્રા.શિક્ષકો નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. પરંતુ નવું શૈક્ષણિક સત્ર શરુ થયું ત્યારથી પ્રાથમિક શિક્ષકો ઉપર સતત પરીપત્રનો વરસાદ થઈ રહ્યો છે. જાણે શિક્ષકોને બાળકોથી દૂર કરવાનો કારસો રચ્યો હોય તેવું દેખાય છે. સત્રની શરુઆત થઈ ત્યારથી વાર્ષિક પરીક્ષાના ગુણની યોગ્ય સીસ્ટમ વિના પરાણે કરાવાતી એન્ટ્રી, પ્રવેશોત્સવના નામે અધિકારીઓની સરભરા, આધાર ડાયસમાં એન્ટ્રીની કામગીરી, યુ-ડાયસ ફોર્મ, બાળકોને અનાજ વિતરણ અને ફૂડ કોસ્ટીંગ એલાઉન્સની ફાળવણી, વંદે ગુજરાત વિકાસ યાત્રા, બાળ મેળો, બી.એલ.ઓ. દ્વારા ડોર ટુ ડોર ફરી મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં કામગીરી, બાળકોના આધારકાર્ડ અને બેક એકાઉન્ટ ખોલવાની કામગીરી, શિષ્યવૃત્તિ ઓનલાઈન કરવાની કામગીરી, ધો.૧ થી ૪ ના બાળકોની બેઝલાઈન સર્વેક્ષણની કામગીરી, એસ.ઓ.ઈ. હેઠળ શિક્ષણ સિવાય થકવી નાખતી કાગળ પરની કામગીરી, પ્રજ્ઞા તાલીમ અને તે સિવાય તાત્કાલિક આપો એવી માહિતીનો રોજીંદો મારો હવે થઈ રહ્યો છે. શું રાજ્યમાં પ્રા.શિક્ષકોની નિમણૂંક આવી કામગીરી માટે થઈ છે..?? રાજ્યની ભાજપ સરકાર દરેક વર્ગના બાળકોના શિક્ષણ માટે ચિંતિત હોય અને મુખ્ય મંત્રી, શિક્ષણ મંત્રી દ્વારા શિક્ષકોના ૯૦ ટકા જેટલા પ્રશ્નોનું સમાધાન કરી રાજ્ય અને શિક્ષણના હિત માટે કટીબદ્ધ હોય તો ૩૪ દિવસના ટૂંકાગાળામાં ૪૮ જેટલા પરીપત્રો ઓછા હોય તેમ સત્રનું એકમ કસોટીનું શિડ્યુઅલ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે તો શું બાળકોને ભણાવવાનું કે માત્ર કસોટી લેવાની..?? જ્યારે ઉપચારાત્મક અને સ્કેનિંગ તો ખરું જ. રાજ્યના દરેક વિભાગ વચ્ચે શિક્ષકો પાસેથી કામ કઢાવી લેવાની હોડ લાગી છે ત્યારે રાજ્યના શિક્ષકો પોતાના પ્રશ્નો કે હક્ક અને માંગણી માટે નહીં પણ તેમને વર્ગમાં બાળકો સાથે રહેવા દેવા આંદોલન કરે તો નવાઈ નહીં. રાજ્યના ૧-૧ શિક્ષકના હૃદયના ઉંડાણથી ચિત્કાર નિકળે છે કે રાજ્યના ૨ લાખ શિક્ષકો અને ભારતના ભવિષ્ય એવા બાળકોની વ્યથા સંવેદનશીલ મુખ્યમંત્રી અને બાળકોના હિતચિંતક શિક્ષણમંત્રી સુધી પહોંચાડવામાં આવે.

કોંગ્રેસને ખતમ કરનારું ગુજરાત કોંગ્રેસ પ્રમુખનું નિવેદન...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૨૨

ગઈકાલે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોર દ્વારા એવું નિવેદન આપવામાં આવ્યું કે "દેશની તિજોરી ઉપર સૌ પહેલો હક્ક લઘુમતીઓનો છે" આવા કોંગ્રેસના ભૂતકાળના પ્રધાનમંત્રીના વચનને કોંગ્રેસ આગળ પણ ચલાવશે!! શુ લઘુમતીઓ માટે જ ભારત દેશ કે કોંગ્રેસ કટિબદ્ધ છે?? લઘુમતીઓ જેવી વાત તો આઝાદી પછી લોકમાનસ ઉપર આવી પણ હિન્દુત્વ અને હિંદુઓ પૃથ્વી ઉત્પતિકાળથી ભારતમાં છે એ જગદીશ ઠાકોરે ના ભૂલવું જોઈએ... લાગે છે કોંગ્રેસ તો તેમના નિવેદનો ઉપરથી ભારતને મુસ્લિમ દેશ ઘોષિત કરવાની તૈયારી કરી રહ્યું છે પણ હજુયે શ્રીરામ હયાત છે એટલે ૮૦% હિંદુઓ હજુયે ભારતમાં છે!! કોંગ્રેસની આ માનસિકતા છે એ કોંગ્રેસ પ્રમુખ મોટા અવાજ અને ઘાટા પાડી પાડીને મુસ્લિમોની તળિયોનો ગડગડાટ સાંભળવા ઉત્સુક હતા પણ હવે તેમને હિન્દુઓનો થપડાક જરૂર મળશે કારણકે તેમણે તમામ મર્યાદાઓ ઓળંગી છે....

"દેશની સંપત્તિ ઉપર લઘુમતીઓનો પ્રથમ હક્ક છે...." આવું નિવેદન આપવાનો કોંગ્રેસને કોઈ અધિકાર નથી!! શુ ભારત દેશમાં હિંદુઓ એ લઘુમતીઓ પછી બીજી પસંદ છે?? લાગે છે કોંગ્રેસની મતી મરી ગઈ છે નહિતર આટલી ખુશામત મુસ્લિમોની ના કરત... જગદીશ ઠાકોર જેવા કોંગ્રેસના મોટા ગજાના નેતાના આવા નિવેદન થકી હિન્દૂ સમાજ સખત નારાજગી વ્યક્ત કરી રહ્યો છે. "ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો સૌપ્રથમ મુસ્લિમો માટે એક લાખ આવાસ બનાવશે, દસ માળની મોટી બિલ્ડીંગો લઘુમતીઓ માટે બનાવશે..." આ નિવેદન જગદીશ ઠાકોરે લઘુમતીઓની સભામાં આપ્યું હતું!! જગડીશભાઈને ગુજરાતમાં મુસલીમો દેખાયા પણ ગરીબો ના દેખાયા?? મોદીજી એવું તો ક્યારેય બોલ્યા નથી કે ભાજપ સરકાર કોઈ ચોક્કસ સમુદાય માટે આવાસ યોજના બનાવીસે અથવા સિર્ફ અમુક કોમ માટે જ સરકારની તિજોરી ખુલ્લી મુકીશું !!

કોઈપણ રાજકીય પક્ષને સત્તા ઉપર આવવું હોય તો તેને દેશના દરેક સમાજના નાગરિક માટે વાત કરવી પડશે, સિર્ફ અમૂકેક લોકો જ તેમને પસંદ છે તેવું કોંગ્રેસના જગદીશ ઠાકોર જેવું નિવેદન બિલકુલ ના આપી શકાય... મને મારા ગણા બધા મિત્રો કહે છે કે જગદીશ ઠાકોર પહેલા તો બહૂજ સારા વ્યક્તિ હતા અને હું પણ તે વાતને માનું પણ છું પરંતુ હવે જગદીશભાઈ કોંગ્રેસના મનની અને કોંગ્રેસના દિલની વાત કહી રહ્યા છે એટલે તેમના નિવેદન આવા જ રહેવાના!! કોંગ્રેસને મોદીજી ખતમ કરે તે વાત ખોટી છે કોંગ્રેસને ખુદ તેના નેતાઓ જ ખતમ કરી દેશે તેવા નિવેદનો રોજ બરોજ નેતાઓ દ્વારા નીકળતા રહે છે.... "દિલ્હીમાં બેઠેલા પોપટની ડોક મરડવી પડશે, તેનો જીવ ગુજરાતમાં છે..." આવું મોદીજી કે અમિતજી માટેનું નિવેદન કોંગ્રેસ પ્રમુખને બિલકુલ શોભતું નથી!!

કોંગ્રેસના મનની વાત હવે ખુલીને બહાર આવી રહી છે... અમદાવાદમાં લઘુમતી સેલની સભામાં કોંગ્રેસના નેતાઓ તિસતા સેતલવાદના વખાણ કરતા અને તેના કૃત્યો માટે ગૌરવ લેતા હોય તેવી ભાષા વાપરી રહ્યા હતા... સંવિધાન અને કોર્ટ માટે તે અપમાનજનક વાત ગણાય. જે શંકાના દાયરામાં છે અને કોર્ટમાં છે તેને કાલે કોર્ટ ગુન્હેગાર સાબિત કરશે તો શું આ કોંગ્રેસી નેતાઓ અને ખાસ કરીને જીજ્ઞેશ મેવાણી લોકોની કે કોર્ટની માફી માગવાના છે?? જાહેરમાં બોલતા પહેલા સો વાર વિચાર કરવો જોઈએ નહીતો કોંગ્રેસના નેતા તો શું કોઈપનને પ્રજા થુંકની માફક ફેંકી દેતા વિચાર નહિ કરે... ગઈકાલના કોંગ્રેસ નેતાઓના નિવેદન અને ભાષણ ઉપરથી તો સ્પષ્ટ એવું લાગતું હતું કે તેઓ માત્ર લઘુમતીઓ માટે જ જીવે છે... સત્તામાં આવતા તેવો ભારતને મુસ્લિમ રાષ્ટ્ર ઘોષિત કરવાનું નિવેદન આપે તો નવાઈ નહિ!!!

મોડાસાના હંગામી બસ સ્ટેન્ડમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા ગંદકી

મોડાસા,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોડાસા શહેરમાં જુના એસટી બસ ડેપોની જગ્યાએ અત્યાધુનિક બસ પોર્ટની ભેટ આપી છે એસટી બસ સ્ટેન્ડ હંગામી ધોરણે સહકારી જીનના મેદાનમાં ખસેડવામાં આવ્યું છે હંગામી બસ સ્ટેન્ડમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાની સાથે ઠેર ઠેર ખાડામાં વરસાદી પાણી ભરાઈ રહેતા અસહ્ય ગંદકી જોવા મળી રહે છે તંત્રના જવાબદાર અધિકારીઓ મુસાફરો અને કર્મચારીઓને પડતી હાલાકી સામે દુર્લક્ષ સેવી રહેતા મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે જીલ્લા આરોગ્ય તંત્ર મચ્છરજન્ય રોગચાળો અટકાવવા દોડી રહી છે બીજીબાજુ નાક નીચે મચ્છરો ઉત્પત્તિ